# // વિદ્યાધનમ્ //

અંક : ૩૭
એપ્રિલ
૨૦૨૬



શ્રી રૂણી પ્રા. શાળામાં ધોરણ 8 નો દિક્ષાંત સમારોહ



પુસ્તક પરબમાં દિનેશ જગાણીયા સાહેબ તરફથી પુસ્તકની ભેટ..!!

INVITED BY

**દિનેશભાઇ ડી. ચૌહાણ**
**શ્રી રૂણી પ્રાથમિક શાળા, ધાનેરા**

PUBLISHED BY:

ddchauhan06 Tr Dinesh Chauhan 97128 24892

# // વિદ્યાધનમ્ //

# અમારી પ્રેરણા

અંક : ૩૭

એપ્રિલ - ૨૦૨૬




## પ્રેરક

શ્રી જગમાલભાઈ જે. ચૌધરી
ટી. પી. ઈ. ઓ.
તા. : ધાનેરા, જિ. : બનાસકાંઠા

## માર્ગદર્શક

શ્રી વિરાભાઈ કે. ચૌધરી
બી.આર.સી.કો.ઓર્ડીનેટર,
તા. : ધાનેરા, જિ. : બનાસકાંઠા

## તંત્રી / પ્રકાશક

દિનેશભાઈ ડી. ચૌહાણ
તાલુકા શ્રેષ્ઠ શિક્ષક
શ્રી રૂણી પ્રાથમિક શાળા,
તા. : ધાનેરા, જિ. : બનાસકાંઠા

## સમીક્ષક

શ્રી ઈશ્વરભાઈ જે. ચૌધરી
આચાર્ય શ્રી, શ્રી વાલેર પગાર કેન્દ્ર

શ્રી મુકેશભાઈ વી. ચૌધરી
સી.આર.સી. વાલેર

શ્રી જેસુંગભાઈ ડી. ચૌધરી
આચાર્ય શ્રી, શ્રી રૂણી પ્રાથમિક શાળા

શ્રી ગીરીશભાઈ એ. લેઉવા
ઉ. શિ. શ્રી રૂણી પ્રાથમિક શાળા

શંકરભાઈ પી.લુહાર
ઉ શિ., શ્રી વાલેર પગાર કેન્દ્ર

શ્રી સવાભાઈ જી. પટેલ
ઉ. શિ. શ્રી રૂણી પ્રાથમિક શાળા

શ્રી વિરેન્દ્રભાઈ બી. પ્રજાપતિ
ઉ. શિ. શ્રી રૂણી પ્રાથમિક શાળા

વિદ્યાધનમ્ સર્વધનપ્રધાનમ્

## નમસ્કાર

ચૈત્ર અને વૈશાખની આ આકરી ગરમીમાં જ્યારે ધરતી તપે છે, ત્યારે મનને ઠંડક આપે તેવું જ્ઞાનનું ભાથું લઈને 'વિદ્યાધનમ્'નો આ એપ્રિલ અંક આપની સમક્ષ પ્રસ્તુત છે. આ માસનો અંક માત્ર માહિતી જ નહીં, પણ જીવનના મૂલ્યો અને ભવિષ્યની ટેકનોલોજીનો એક અદભૂત સેતુ છે.

આ અંકમાં આપણે 'વ્યક્તિ વિશેષ' દ્વારા શિક્ષણમાં નવીન કાર્ય કરેલ એવા વ્યક્તિની માહિતી મેળવીશું. તો 'ગુજરાતની બોલીઓ' અને 'રૂપાળું મારું ગામડું' લેખ દ્વારા આપણી માટીની મહેકને માણીશું. ભાષા પ્રત્યેનો પ્રેમ પ્રગટાવવા 'વિશ્વ માતૃભાષા દિવસ' અને નારીશક્તિના સન્માનમાં 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ'ના વિશેષ લેખોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

સાહિત્યના રસિયાઓ માટે હૃદયસ્પર્શી 'ગઝલ' અને 'દીકરી' પરનું કાવ્ય મન મોહી લેશે, જ્યારે 'સંબંધોનું સત્ય' અને 'કુસંગતનો કરુણ અંજામ' જેવી બોધકથાઓ જીવનના પાઠ ભણાવશે. જ્ઞાનની દુનિયામાં ડોકિયું કરવા 'ભારત અને વિશ્વની યુનિવર્સિટીઓ' અને આધુનિક યુગ સાથે કદમ મિલાવવા 'NEP 2020 અને AI ટેક્નોલોજી' પરના લેખો આપના જ્ઞાનમાં વધારો કરશે.

વૈશાખ મહિનો એટલે લગ્નસરા અને લોક ઉત્સવોનો સમય. આ અંકમાં વૈશાખ માસની પરંપરાઓ અને તેના સાંસ્કૃતિક મહત્વને સુંદર રીતે વણી લેવામાં આવ્યું છે. સાથે જ, શરીરને સ્વસ્થ રાખવા માટે 'વિશ્વ સ્વાસ્થ્ય દિવસ' નિમિત્તે વિશેષ ટિપ્સ પણ આપવામાં આવી છે.

અત્યારે પરીક્ષાની મોસમ ચાલી રહી છે. વિદ્યાર્થીઓના મનનો ડર દૂર કરવા અને આત્મવિશ્વાસ વધારવા માટે 'વિદ્યાર્થીને પત્ર' વિભાગ ખાસ તૈયાર કરવામાં આવ્યો છે.

અંતમાં, મગજની કસરત માટે 'ઉખાણાં' અને હળવાશ માટે 'હું ખુશ થઈ ગયો' જેવી રચનાઓ આ અંકને પૂર્ણતા બક્ષે છે.

આશા છે કે જ્ઞાનની આ સરવાણી આપના જીવનમાં નવો ઉજાસ ફેલાવશે. આપના પ્રતિસાદની પ્રતીક્ષામાં...

શુભેચ્છાઓ સહ,


**તંત્રી / પ્રકાશક**

દિનેશભાઈ ડી. ચૌહાણ

તાલુકા શ્રેષ્ઠ શિક્ષક

શ્રી રૂણી પ્રાથમિક શાળા

તા. : ધાનેરા, જિ. : બનાસકાંઠા




અંક : ૩૭
એપ્રિલ - ૨૦૨૬

# અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| 1 | વ્યક્તિ વિશેષ | હેતલબેન એ. મહેતા | 05 |
| 2 | પરીક્ષા માટે વિદ્યાર્થીને પત્ર | જલ્પાબેન એચ ગોહિલ | 07 |
| 3 | ગઝલ | નીલમબેન જાદવ | 08 |
| 4 | દીકરી | નિશાબેન બી. ઠાકર | 08 |
| 5 | વૈશાખ : પરંપરા અને ઉત્સવ | ડૉ. દિનેશ ચૌધરી | 09 |
| 6 | ભારત અને વિશ્વની યુનિવર્સિટીઓ | અરુણાબેન કે. પ્રજાપતિ | 11 |
| 7 | હું ખુશ થઈ ગયો | ધીર અશોક | 11 |
| 8 | વિશ્વ માતૃભાષા દિવસ | છાયાબેન કે. ઠાકર | 12 |
| 9 | વિશ્વ સ્વાસ્થ્ય દિવસ | સંકલન | 13 |
| 10 | ગુજરાતની બોલીઓ | કાજલબેન ડી. દેવાણી | 14 |
| 11 | રૂપાળું મારું ગામડું | કીર્તિ પટેલ | 15 |
| 12 | આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ | મહેન્દ્રકુમાર આર. ચૌધરી | 16 |
| 13 | ઉખાણાં | પ્રકાશકુમાર એચ. વાઢેળ | 17 |
| 14 | NEP 2020 અને AI ટેક્નોલોજી | કૌશિક પી. પ્રજાપતિ | 18 |
| 15 | સંબંધોનું સત્ય | રિંકાબેન એ. પ્રજાપતિ | 19 |
| 16 | કુસંગતનો કરુણ અંજામ | કિરણભાઈ એચ. ડાભી | 20 |

# વ્યક્તિ વિશેષ ..!!




મહેતા હેતલબેન અતુલકુમાર, સી.આર.સી.કોઓર્ડિનેટર, તા : જિ : મહેસાણા

## વ્યક્તિ વિશેષ : અક્ષર અને આચરણનો સુમેળ એટલે " હેતલ મહેતા "

**"શબ્દો જ્યારે સંસ્કાર બને છે, ત્યારે સાહિત્યનું સર્જન થાય છે અને જ્યારે એ જ શબ્દો સેવાનું માધ્યમ બને છે, ત્યારે વ્યક્તિત્વ વંદનીય બને છે."**

ગુજરાતી સાહિત્ય અને શિક્ષણ જગતમાં જેમના નામનો પર્યાય 'સમર્પણ' છે, એવા બહુમુખી પ્રતિભા ધરાવતા સર્જક એટલે હેતલ મહેતા. ભાવનગરના સથરા ગામમાં જન્મેલા અને હાલ મહેસાણાને પોતાની કર્મભૂમિ બનાવનાર હેતલબેન છેલ્લા ૨૧ વર્ષથી શિક્ષણ કાર્ય સાથે જોડાયેલા છે. હાલ તેઓ ખેરવા ક્લસ્ટરમાં સી.આર.સી. કો-ઓર્ડીનેટર તરીકે પોતાની સેવાઓ આપી રહ્યા છે, પરંતુ તેમની ઓળખ માત્ર એક શિક્ષિકા પૂરતી સીમિત નથી; તેઓ એક સક્ષમ સાહિત્યકાર, સંશોધક અને માતૃભાષાના પ્રખર પ્રચારક પણ છે.

સાહિત્યિક સફર : હેતલ મહેતાની કલમ બાળકોના કોમળ મનથી લઈને સામાજિક વાસ્તવિકતા સુધી વિસ્તરેલી છે. તેમના પુસ્તકો 'અમારે મોન્ટી જેવા થવું છે' અને 'દરિયાદિલ' એ ગુજરાત સાહિત્ય અકાદમીના શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિકો મેળવીને બાળસાહિત્યમાં આદરસભર સ્થાન પ્રાપ્ત કર્યું છે. તેમની નવલકથા 'વિમળા' સામાજિક વાસ્તવિકતાનો અરીસો છે, જે પ્રતિલિપિ પ્લેટફોર્મ પર પણ અત્યંત લોકપ્રિય રહી છે. આ ઉપરાંત 'મને વહાલા મહાદેવ' દ્વારા તેમણે શિવપુરાણની ગહન કથાઓને બાળકો સમજી શકે તેવી સરળ શૈલીમાં રજૂ કરી છે, તો 'જ્યાં પેમા ત્યાં યામા' દ્વારા તેમણે અંતરિક્ષ કથાના ક્ષેત્રમાં પણ ખેડાણ કર્યું છે.

**પુરસ્કારોનો પથ : સિદ્ધિઓનું આકાશ**

હેતલબેનની સાહિત્યિક પ્રતિભાને અનેક સ્તરે બિરદાવવામાં આવી છે :

* ગુજરાત સાહિત્ય અકાદમી : શ્રેષ્ઠ પુસ્તક પ્રથમ પારિતોષિક (૨૦૨૨).
* અંજુ-નરશી પારિતોષિક : ૨૦૨૩ અને ૨૦૨૫ માં વિજેતા.
* બાળસાહિત્ય અકાદમી પુરસ્કાર : કુસુમબેન દવે અને ડો. ઈશ્વર પરમાર સ્મૃતિ પુરસ્કારો (૨૦૨૪).
* પ્રતિલિપિ સુપર રાઇટર એવોર્ડ : નવલકથાઓ માટે પાંચ થી વધુ વખત સન્માનિત.
* નારી તું નારાયણી એવોર્ડ : સ્ત્રી શક્તિ અને સાહિત્યિક પ્રદાન માટે.

**શિક્ષણ અને સંસ્કારનું સિંચન :**

માત્ર પુસ્તકો લખવા પૂરતું જ નહીં, પણ નવી પેઢીમાં લેખનકળા વિકસે તે માટે તેમણે 'મિશન બાળવાર્તા' અંતર્ગત 'બાળપંખ' વાર્તાસંગ્રહનું સંપાદન કર્યું છે. તેમની આ શૈક્ષણિક પહેલની નોંધ 'ચિત્રલેખા' જેવા પ્રતિષ્ઠિત સામયિકો અને 'IANS NEWS' જેવી ચેનલોએ પણ લીધી છે. લોકડાઉન દરમિયાન બાળકોને ઓનલાઈન શિક્ષણ પૂરું પાડવા બદલ પણ તેઓ સન્માનિત થયા છે.

**માતૃભાષા અભિયાન અને મીડિયા પ્રદાન :**

હેતલ મહેતા 'માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન-મહેસાણા'ના સહસંચાલક તરીકે ગુજરાતી ભાષાના જતન માટે કાર્યરત છે. તેમની કૉલમ અને રચનાઓ ગુજરાત સમાચાર, સંદેશ, શબ્દસૃષ્ટિ, બાલસૃષ્ટિ અને બી.કે. ન્યૂઝ જેવા અનેક અખબારો અને સામયિકોમાં નિયમિત પ્રકાશિત થાય છે. આકાશવાણી રાજકોટ પરથી તેમના સ્વરમાં વાર્તા કથન અને GTPL પર તેમનો ઈન્ટરવ્યુ તેમની લોકપ્રિયતાની સાક્ષી પૂરે છે.

શિક્ષણ, સાહિત્ય અને સંસ્કૃતિને વરેલા હેતલ મહેતા હંમેશા માને છે કે, "સારાં કાર્યો માટેના પ્રયત્નો કદી એળે જતા નથી." તેમની મહેસાણી તળપદી બોલીમાં લખાતી 'ઘૂઘાનો ઘેઘારવ' કટાક્ષ શ્રેણી હોય કે ગહન સંશોધન પેપર્સ, હેતલબેનનું વ્યક્તિત્વ આજના યુવા સર્જકો અને શિક્ષકો માટે એક પથદર્શક સમાન છે. સાહિત્ય જગતના આ 'દરિયાદિલ' સર્જકની કલમ અવિરત ચાલતી રહે અને સમાજને નવા મૂલ્યો આપતી રહે તેવી મંગલ શુભકામનાઓ..!!

## પરીક્ષાની તૈયારી માટે શિક્ષક દ્વારા વિદ્યાર્થીને પત્ર

નામ:વિદ્યાદાતા
સ્થળ:વિદ્યામંદિર વિદ્યાલય

વ્હાલા વિદ્યાભાસુ,

કેમ છો ? સર્વ અધ્યેતા. મજામાને..મસ્ત, મસ્ત, તંદુરસ્ત અને જબરદસ્ત હે ને ! ઉનાળાની કાળઝાળ ગરમી શરૂ થઈ ગઈ છે. બધા બાળકો તમારી તબિયત સાચવજો. પૌષ્ટિક ખોરાક ખાઓ અને પુષ્કળ પાણી પીવો. સ્વસ્થ શરીર જ સક્રિય મન રાખી શકે છે.

તમારો અભ્યાસક્રમ પૂર્ણ થઈ ગયો હશે કે પૂર્ણતાને આરે હશે. એપ્રિલ મહિનામાં તમારી પરીક્ષા શરૂ થવાની.તે માટે દરેકે તૈયારી શરૂ કરી દીધી હશે. અહીં તમને દરેકને પરીક્ષા અંતર્ગત થોડીક ટિપ્સ આપવા ચાહું છું. સમગ્ર વર્ષ દરમિયાન તમે ભણેલું અને યાદ રાખેલું તમારે 3 કલાકમાં લેખિત સ્વરૂપે લખવાનું રહેશે. દરેકે પેપર સારા, સુંદર અને મરોડદાર અક્ષરે લખવાના રહેશે. દરેક વિષયને પૂરતો સમય મળે તે રીતે એક વ્યવસ્થિત સમયપત્રક બનાવો. અઘરા વિષયોને વહેલી સવારે વાંચો જ્યારે તમારું મન તાજગી અનુભવતું હોય. નવું વાંચવા કરતાં જે વાંચ્યું છે. તેનું વારંવાર પુનરાવર્તન કરો. મુખ્ય મુદ્દાઓની નોંધ બનાવો .જેથી છેલ્લી ઘડીએ ફેરવવામાં સરળતા રહે.
મોડી રાત સુધી જાગવાને બદલે પૂરતી ઊંઘ લો. માત્ર વાંચવાને બદલે લખવાની પ્રેક્ટિસ કરો. તેનાથી તમારો આત્મવિશ્વાસ વધશે અને સમયનું સંચાલન સમજાશે.

યાદ રાખજો "પરીક્ષા એ માત્ર તમારા જ્ઞાનની કસોટી છે, તમારા જીવનની નહીં." એટલે પરિણામની ચિંતા કર્યા વગર માત્ર તમારી શ્રેષ્ઠ મહેનત કરવા પર ધ્યાન આપો. મને વિશ્વાસ છે કે તમે બધા સારા ગુણ લાવશો અને પરીક્ષામાં તમારું શ્રેષ્ઠ પ્રદર્શન આપશો.

તમારી સફળતા માટે ખૂબ ખૂબ શુભેચ્છાઓ!

લિ. અધ્યેતાનો શુભચિંતક
અધ્યાપક

ગોહિલ જલ્પાબેન હરજીભાઈ
શ્રી ટીટોડીયા પ્રાથમિક શાળા
તા.-મહુવા
જી.- ભાવનગર



## ગઝલ

બંધારણ : ગાલગા ગાલગા લગાગાગા

એ રીતે જિંદગી મેં શણગારી,
યાદની પળને સાથે વિસ્તારી.

રાખ્યો વિશ્વાસ એક ઈશ્વર પર,
બાજી ક્યારેય બગડી ના મારી.

લોકસેવાનો ભેખ ધર્યો જ્યાં,
દીધી સઘળી નિરાશા હંકારી.

જિંદગીથી કદી હું ના હારી,
દર્દને દિલથી લીધા સ્વીકારી.

સાથ મળ્યો મને પ્રભુ તારો,
ડૂબતી નૈયા પાર થઈ મારી.

નીલમ જાદવ 'જયનીલ'
દેસાઈવાડા પ્રાથમિક શાળા,
દાહોદ



## દીકરી...

દીકરી તો છે મમતાની પાયલ,
પરિવારનો રુમઝૂમ રણકાર...
દીકરી તો છે ઘરનો તુલસીક્યારો,
પરિવારની સમૃદ્ધિ અપરંપાર...
દીકરી તો છે વાત્સલ્યની મૂરત,
પરિવારમાં સીંચન કરે સંસ્કાર...
દીકરી તો છે આંગણાની કોયલ,
પરિવારમાં કરે મીઠો ટહુકાર...
દીકરી તો છે માતાજીનો અવતાર,
પરિવારમાં લાવે લક્ષ્મી અપાર...
દીકરી તો છે ઈશ્વર નું વરદાન,
પરિવારના હ્રદયનો ધબકાર...
'નિશુ'કે દીકરી છે હોંસલાની ઉડાન,
દીકરી વિના પરિવારમાં છે સૂનકાર

નિશા ભરતભાઈ ઠાકર
શ્રી ચુનડી પ્રાથમિક શાળા
ભુજ- કચ્છ.
7990298954



## વૈશાખ: એક પરંપરા અને ઉત્સવ

વૈશાખ મહિનો એ હિંદુ પંચાગ મુજબ ખૂબ જ શુભ અને પવિત્ર માનવામાં આવે છે. આ મહિનો માત્ર ઋતુ પરિવર્તનનો સમય નથી, પરંતુ જીવનમાં નવી શરૂઆત અને શુભ પ્રસંગો માટે પણ ઉત્તમ ગણાય છે. લોકો આ મહિનાને આશા, આનંદ અને ઉત્સાહ સાથે આવકારે છે. વૈશાખ મહિનામાં "અખાત્રીજ" (અક્ષય તૃતીયા) જેવા વિશેષ અને શુભ દિવસોને ખૂબ જ પવિત્ર માનવામાં આવે છે. જેમાં લગ્ન, નવા વ્યવસાય અથવા નવા સંબંધોની શરૂઆત કરતા હોય છે.

ખાસ કરીને જ્યાં સ્વર્ગ જેવું સુખ સમાયેલું છે એવા ધરતીના ખોળે બેઠેલા ગામડાઓમાં વૈશાખ મહિનામાં ખેતીના કામનો ભાર થોડો હળવો થતો હોય છે, જેના કારણે લોકો પાસે સમય અને સગવડ બંને હોય છે. માટે પરિવારો લગ્ન જેવા શુભ પ્રસંગોનું આયોજન સરળતાથી કરી શકે છે. પરિણામે ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં વૈશાખ મહિનામાં લગ્ન ઉત્સવની ખુશીઓ છવાઈ જાય છે. આ શુભ સમયમાં ગામડાઓમાં વાગતી શરણાઈના સ્વર અને લગ્નની ખુશીઓ જીવનમાં આનંદ અને એકતાનો સુંદર સંદેશ આપે છે.

"વૈશાખના તડકામાં ખુશીઓ છલકાય,
ગામડામાં લગ્નના રંગ રમાય|
શરણાઈના સ્વરે આનંદ ફેલાય,
જીવનમાં પ્રેમનો દીપ ઝળહળાય|"

આ મહિનો આપણને જીવનમાં નવી શરૂઆત કરવાની પ્રેરણાની સાથે આપણને શીખવે છે કે દરેક નવો દિવસ નવો અવસર લઈને આવે છે. જો આપણે સકારાત્મક વિચારો સાથે આગળ વધીએ તો જીવન વધુ સરળ અને સુંદર બની શકે છે. અંતમાં, વૈશાખ માત્ર એક મહિનો નથી પરંતુ તે સુખ સમૃદ્ધિ અને નવા આરંભનો સંદેશ આપતો અણમોલ સમય છે. માટે જ આ મહિનાનું મહત્વ સમજવું અને તેનો સકારાત્મક રીતે આનંદ મેળવો સુખમય જીવનનો સંદેશ છે.

ડૉ. દિનેશ ચૌધરી
(સ્કૂલ કાઉન્સેલર)
પી.એમ. શ્રી સ્કૂલ જવાહર નવોદય વિદ્યાલય
વીરપુર, સાબરકાંઠા



# ભારત અને વિશ્વની અગ્રગણ્ય યુનિવર્સિટીઓ

શિક્ષણ માનવજીવનનો આધારસ્તંભ છે. ઊચ્ચ શિક્ષણ માત્ર વ્યક્તિના જ્ઞાનને ગહન બનાવતું નથી, પરંતુ તેને સંશોધન, શોધખોળ, નવીનતા અને વૈશ્વિક પ્રગતિ સાથે જોડે છે. વિશ્વભરમાં અનેક અગ્રગણ્ય યુનિવર્સિટીઓ કાર્યરત છે, જેઓ તેમના સંશોધન, શિક્ષણની ગુણવત્તા, આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા અને સમાજસેવા માટે જાણીતી છે. ભારત પણ આવા ક્ષેત્રમાં અગ્રેસર બની રહ્યું છે.

ભારતની અગ્રગણ્ય યુનિવર્સિટીઓ

ભારત પ્રાચીન કાળથી જ જ્ઞાનનું કેન્દ્ર રહ્યું છે. તક્ષશિલા, નાળંદા, વિક્રમશિલા જેવી પ્રાચીન યુનિવર્સિટીઓએ ભારતના જ્ઞાન પરંપરાને વૈશ્વિક ઓળખ આપી હતી. આજના સમયમાં પણ ભારતની કેટલીક યુનિવર્સિટીઓ વૈશ્વિક સ્તરે પોતાનું સ્થાન બનાવવામાં સફળ થઈ છે.

ટોચની યુનિવર્સિટીઓ

ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ (IISc), બેંગલુરુ
જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી (JNU), નવી દિલ્હી
જમિયા મિલિયા ઇસ્લામિયા, નવી દિલ્હી
બનારસ હિન્દુ યુનિવર્સિટી (BHU), વારાણસી
યુનિવર્સિટી ઑફ દિલ્હી (DU), દિલ્હી

કેન્દ્રીય યુનિવર્સિટીઓ

અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી, અલીગઢ
બાબાસાહેબ ભીમરાવ આંબેડકર યુનિવર્સિટી, લખનઉ
એલાહાબાદ યુનિવર્સિટી, પ્રયાગરાજ
વિશ્વ ભારતી, શાંતિનિકેતન
હૈદરાબાદ યુનિવર્સિટી, હૈદરાબાદ

રાજ્ય યુનિવર્સિટીઓ

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા, વડોદરા
ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત
પંડિત રવિશંકર શુક્લ યુનિવર્સિટી, રાયપુર

પ્રાચીન યુનિવર્સિટીઓ

નાલંદા યુનિવર્સિટી, બિહાર
તક્ષશિલા યુનિવર્સિટી (હાલ પાકિસ્તાન)

અન્ય યુનિવર્સિટીઓ

ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, ગાંધીનગર
અદાણી યુનિવર્સિટી, અમદાવાદ
ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટીચર એજ્યુકેશન, ગાંધીનગર
ઇન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)

૧. ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી (IITs)
IIT બોમ્બે, IIT દિલ્હી, IIT મદ્રાસ, IIT કાનપુર અને IIT ખડગપુર વૈશ્વિક સ્તરે જાણીતી સંસ્થાઓ છે.n
એન્જિનિયરિંગ, ટેકનોલોજી, નવીનતા અને સંશોધન ક્ષેત્રે IITને આગવું સ્થાન છે.

૨. ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ (IISc), બેંગલુરુ
વિજ્ઞાન અને સંશોધન માટે ભારતની શ્રેષ્ઠ સંસ્થા.
નેનો ટેક્નોલોજી, એરસ્પેસ, કમ્પ્યુટર સાયન્સ અને બાયોટેકનોલોજીમાં IIScનું યોગદાન વિશાળ છે.

૩. જવાહરલાલ નેહરૂ યુનિવર્સિટી (JNU), દિલ્હી
સમાજશાસ્ત્ર, આંતરરાષ્ટ્રીય અભ્યાસ, રાજનીતિશાસ્ત્ર અને ભાષા અભ્યાસ માટે ખ્યાતિપ્રાપ્ત.
વૈશ્વિક વિચારસરણી અને સંશોધન માટે આગવી ઓળખ ધરાવે છે.

૪. દિલ્હી યુનિવર્સિટી (DU)
ભારતની સૌથી મોટી યુનિવર્સિટીઓમાંથી એક.
વિવિધ વિષયોમાં ઉત્તમ શિક્ષણ તથા સંશોધન માટે જાણીતી.

૫. બનસ્થાલી વિદ્યાપીઠ, રાજસ્થાન
મહિલા શિક્ષણ અને સંશોધન ક્ષેત્રે વિશેષ યોગદાન.

અન્ય જાણીતી સંસ્થાઓ:
ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઓફ સોશિયલ સાયન્સિસ (TISS)
અન્ના યુનિવર્સિટી
અમૃત યુનિવર્સિટી, મનિપાલ યુનિવર્સિટી, BITS પિલાની

વિશ્વની અગ્રગણ્ય યુનિવર્સિટીઓ

વૈશ્વિક સ્તરે કેટલીક યુનિવર્સિટીઓએ શિક્ષણ, સંશોધન, ટેક્નોલોજી અને નવીનતામાં અનોખું સ્થાન મેળવ્યું છે.

૧. હાવર્ડ યુનિવર્સિટી (Harvard University), અમેરિકા : વિશ્વની સૌથી જૂની અને પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓમાંથી એક કાનૂન, મેનેજમેન્ટ, મેડિકલ અને સાયન્સ ક્ષેત્રે અગ્રણી.

૨. મેસેચ્યુસેટ્સ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (MIT), અમેરિકા ઇજનેરી, ટેકનોલોજી અને નવીનતામાં અગ્રેસર. સ્ટાર્ટઅપ્સ, રિસર્ચ અને વૈશ્વિક ટેકનોલોજીકલ વિકાસ માટે પ્રસિદ્ધ.

૩. યુનિવર્સિટી ઓફ ઓક્સફોર્ડ (Oxford University), ઇંગ્લેન્ડ
વિશ્વની સૌથી જૂની યુનિવર્સિટી.
માનવશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, રાજનીતિ અને વિજ્ઞાન ક્ષેત્રે આગવું સ્થાન.
૪. યુનિવર્સિટી ઓફ કેમ્બ્રિજ (Cambridge University), ઇંગ્લેન્ડ
નોબેલ પુરસ્કાર વિજેતાઓનો લાંબો ઇતિહાસ.
ગણિત, ભૌતિકશાસ્ત્ર, મેડિસિન અને સાહિત્યમાં શ્રેષ્ઠતા.
૫. સ્ટાનફોર્ડ યુનિવર્સિટી, અમેરિકા
સિલિકોન વેલીની નજીક હોવાથી ટેક્નોલોજીકલ ઇનોવેશનમાં અગ્રણી.
ઉદ્યોગસાહસિકતા અને વૈજ્ઞાનિક સંશોધન માટે જાણીતી.
૬. યુનિવર્સિટી ઓફ ટોક્યો, જાપાન
એશિયામાં સંશોધન અને ટેક્નોલોજી ક્ષેત્રે અગ્રણી.
૭. ETH ઝ્યુરિખ, સ્વિટ્ઝર્લેન્ડ
એન્જિનિયરિંગ અને ટેક્નોલોજી માટે પ્રસિદ્ધ.
નિષ્કર્ષ

ભારત અને વિશ્વની અગ્રગણ્ય યુનિવર્સિટીઓએ સમાજના વિકાસમાં અતિમહત્ત્વનું યોગદાન આપ્યું છે. આ યુનિવર્સિટીઓ માત્ર શિક્ષણ પૂરું પાડતી નથી, પરંતુ નવી પેઢીને સંશોધન, નવું વિચારવું અને વૈશ્વિક પડકારોને પહોંચી વળવાની શક્તિ આપે છે. ભારતની યુનિવર્સિટીઓ સતત પ્રગતિના માર્ગે આગળ વધી રહી છે અને વિશ્વની ટોચની સંસ્થાઓ સાથે ખભે ખભા મળી રહી છે. ભવિષ્યમાં ભારત વૈશ્વિક શિક્ષણ કેન્દ્ર તરીકે વધુ મજબૂત સ્થાન મેળવશે, એ નિશ્ચિત છે.

પ્રજાપતિ અરુણાબેન કાંતિલાલ
સરસપુર ગુજરાતી શાળા નંબર -3
Amc, અમદાવાદ
મો. 9033857821



## હું ખુશ થઈ ગયો.

ભાંગી બધી ઝંઝાળ
હું ખુશ થઈ ગયો.

આપી જિંદગીને માત
હું ખુશ થઈ ગયો.

વેરઝેરની છૂટી મડાગાંઠ
હું ખુશ થઈ ગયો.

ટળ્યો ભવભવનો ફેરો
હું ખુશ થઈ ગયો.

મોહ, માયા, કાયા ને વળી ઈર્ષા,
છોડી છૂટી ભવસાગર
હું ખુશ થઈ ગયો.

અતીત બંધનોનો મેળવી છુટકાર,
ભેટી ઐશ્વર્ય હામ
હું ખુશ થઈ ગયો.

સર્વ જગતને મારા અંતિમ વંદન,
વહેવડાવી અશ્રુધારા
હું ખુશ થઈ ગયો.

ધીર અશોક "ધૈર્ય"
ખારાખોડા પ્રા શાળા
તા. રાહ
જી વાવ થરાદ



# વિશ્વ માતૃભાષા દિવસ

"સદા સૌમ્ય શ્રી વૈભવ ઉભરાતી
મને માતૃભાષા મને ગુજરાતી"

ઉમાશંકર જોશી

વિશ્વ માતૃભાષા દિન નિમિત્તે અમારી શાળા રામનગર પ્રાથમિક શાળા માં તારીખ 21 ફેબ્રુઆરી 2026 ના રોજ ખૂબ જ ઉત્સાહપૂર્વક બધા જ વિદ્યાર્થીઓએ અને ગુરુજનોએ સહભાગી થઇ સુંદર ઉજવણી કરી હતી .ગુજરાતી માતૃભાષા વિશે પ્રાર્થના કરાવી બાળકો દ્વારા માતૃભાષા નું મહત્વ સમજાવવામાં આવ્યું જેમાં કવિ નર્મદના શબ્દો જણાવે કે .......

"એ વિચારે ફૂલે ગજગજ મારી છાતી
હું અને મારી ભાષા બંને ગુજરાતી"

ત્યારબાદ બાળકો દ્વારા મહાન વ્યક્તિત્વ એવા હેમચંદ્રાચાર્ય વિશે માહિતી રજૂ કરવામાં આવી અને તેમના રચેલા ગ્રંથો પણ પ્રસ્તુત કરાય. પ્રસ્તુતિ કરાયા પછી મીરાબાઈ નરસિંહ મહેતા ની વેશભૂષા દ્વારા તેમનો પરિચય આપવામાં આવ્યો આ ઉપરાંત પ્રેમાનંદ ઝવેરચંદ મેઘાણી ગિજુભાઈ બધેકા કલાપી નર્મદ વગેરે વગેરે વ્યક્તિત્વ વિશે સ્પષ્ટ પરિચય આપવામાં આવ્યો.

આ ઉપરાંત બાળકો દ્વારા વ્યાકરણ સુસજ્જતા અંતર્ગત સમાનાર્થી શબ્દો, વિરોધી શબ્દો ,કહેવતો ,રૂઢિપ્રયોગો ,દુહાની સમજ આપવામાં આવી બાળકો દ્વારા પાઠ લેખન, કાવ્ય લેખન ,પાઠ ના પ્રકારો ,કાવ્ય ના પ્રકારો ,કવિ- લેખક વગેરે રજૂ કરવામાં આવ્યા . જેમાં બધા જ બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો ત્યારબાદ બાળકો દ્વારા ગુજરાતી ભાષામાં હાસ્ય નાટક ભજવવામાં આવ્યું તેમજ ભાષા છે ગુજરાતી નો અભિનય કરવામાં આવ્યો .

અંતે બાળકો દ્વારા તૈયાર કરેલ પ્રદર્શન શાળાના તમામ બાળકો માટે રજૂ કરવામાં આવ્યુ . જેમાં મૂળાક્ષરો વાક્યો વાર્તા ની પુસ્તકો ,વ્યાકરણ ગ્રંથો ,શબ્દકોષો ,કાવ્ય લેખકો ના ચાર્ટ ,પરિચય મૂળાક્ષરોની રંગોલી બનાવવામાં આવી."માતૃભાષા એ આપણી ઓળખ છે મા નો ખોળો છે"



"મને ફાંકડું અંગ્રેજી ન આવડવાનો અફસોસ નથી
પણ મને કડકડા ટ ગુજરાતી આવડવાનો ગર્વ છે"

: નર્મદ



છાયાબેન કનૈયાલાલ ઠાકર
રામનગર પ્રાથમિક શાળા,
તા. : કલોલ, જિ. : ગાંધીનગર



# વિશ્વ સ્વાસ્થ્ય દિવસ

'પહેલું સુખ તે જાતે નર્યા'

"શરીર માદ્યં ખલુ ધર્મસાધનમ્" – અર્થાત્ શરીર જ તમામ ધર્મો અને કર્મોનું પાલન કરવાનું પ્રથમ સાધન છે. જો સ્વાસ્થ્ય સારું હશે, તો જ જીવનના બાકીના સુખોનો આનંદ માણી શકાશે.

વિશ્વ સ્વાસ્થ્ય દિવસનો ઇતિહાસ : દર વર્ષે ૭ એપ્રિલના રોજ સમગ્ર વિશ્વમાં 'વિશ્વ સ્વાસ્થ્ય દિવસ' ઉજવવામાં આવે છે. વર્ષ ૧૯૪૮માં વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) ની સ્થાપના થઈ હતી અને ૧૯૫૦થી આ દિવસની ઉજવણીની શરૂઆત કરવામાં આવી હતી. આ દિવસ ઉજવવાનો મુખ્ય હેતુ વિશ્વના દરેક નાગરિકને સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત કરવાનો અને આરોગ્ય સુવિધાઓ દરેક સુધી પહોંચાડવાનો છે.

શા માટે સ્વાસ્થ્ય અનિવાર્ય છે ?

આજના આધુનિક અને દોડધામભર્યા જીવનમાં માણસ પૈસા પાછળ એટલો આંધળો થયો છે કે તે પોતાના અમૂલ્ય સ્વાસ્થ્યને ભૂલી ગયો છે. યાદ રાખો, હોસ્પિટલના મોંઘા બિલો ભરવા કરતા દરરોજ સ્વાસ્થ્ય પાછળ થોડો સમય ફાળવવો વધુ સમજદારીનું કામ છે.

સ્વસ્થ રહેવા માટેના સુવર્ણ નિયમો :

1. આહાર એ જ ઔષધ : હંમેશા તાજો, ગરમ અને સાત્વિક ખોરાક લેવો જોઈએ. બહારના પડીકા (જંક ફૂડ) અને વધુ પડતા તેલ-મસાલાથી દૂર રહેવું એ જ હિતાવહ છે.

2. વ્યાયામ અને યોગ : દરરોજ ઓછામાં ઓછી ૩૦ મિનિટ કસરત, ચાલવું અથવા યોગ કરવાથી શરીર સ્ફૂર્તિલું રહે છે અને રોગપ્રતિકારક શક્તિ વધે છે.

3. પૂરતી ઊંઘ : માનસિક સ્વાસ્થ્ય માટે ૭ થી ૮ કલાકની ગાઢ ઊંઘ અનિવાર્ય છે. મોબાઈલના વધુ પડતા વપરાશથી દૂર રહી મનને શાંત રાખવું જોઈએ.

4. પુષ્કળ પાણી : શરીરને હાઇડ્રેટેડ રાખવા માટે દિવસભર પૂરતું પાણી પીવું જોઈએ, જે ઝેરી તત્વોને બહાર કાઢવામાં મદદ કરે છે.

5. વ્યસનમુક્તિ : બીડી, સિગારેટ, ગુટખા કે અન્ય વ્યસનોથી દૂર રહેવું એ લાંબા આયુષ્યની ચાવી છે.

વિશ્વ સ્વાસ્થ્ય દિવસ માત્ર એક દિવસની ઉજવણી નથી, પણ જીવનશૈલીમાં બદલાવ લાવવાનો સંકલ્પ છે. આપણે સૌ પ્રતિજ્ઞા લઈએ કે આપણે આપણા સ્વાસ્થ્યનું ધ્યાન રાખીશું અને બીજાને પણ તે માટે પ્રેરિત કરીશું.

"ધન ખોવાશે તો ફરી કમાઈ શકાશે, પણ સ્વાસ્થ્ય ખોવાશે તો આખું જીવન મુશ્કેલ બની જશે."

સંકલન

# ગુજરાતની બોલીઓ

ગુજરાતી ભાષામાં ભૌગોલિક અને સામાજિક વિવિધતાને કારણે અનેક બોલીઓ પ્રચલિત છે. જેમાં કાઠીયાવાડી ,સુરતી, ચરોતરી ,મહેસાણી અને હાલારી મુખ્ય છે.ગુજરાતીમાં એક સરસ કહેવત છે "બાર ગાઉએ બોલી બદલાય' તે કહેવત મુજબ દરેક બોલીઓના ઉચ્ચાર અને શબ્દભંડોળોને લઈને ભિન્નતા હોય છે. આ બોલીઓ મા ગુજરાતના વિવિધ પ્રદેશોની સાંસ્કૃતિનુ પ્રતિબિંબ જોવા મળે છે.
ગુજરાતની બોલીઓ વિશે જાણતા પહેલા બોલી અને ભાષા વચ્ચેની ભિન્નતા સમજવી જરૂરી છે.

ભાષા અને બોલી વચ્ચેની ભિન્નતા:-
ભાષાએ વિશાળ વિસ્તારમાં બોલાતું વ્યાકરણ અને લિપિ સાથેનું સત્તાવાર માધ્યમ છે. જ્યારે બોલી ચોક્કસ પ્રદેશ પૂરતી મર્યાદિત લિપિ વિનાની અને ભાષાની બોલચાલ નો લહેકો ધરાવે છે. ભાષાનું સ્વરૂપ પ્રમાણભૂત અને સ્થિર હોય છે, જયારે બોલી બાર ગાઉએ બદલાય તેમ પ્રદેશ પ્રમાણે બદલાતી રહે છે.

ગુજરાતમાં બોલાતી મુખ્ય બોલીઓ વિશે આપણે વિસ્તારથી જાણીએ.

(1) કાઠીયાવાડી બોલી:-
કાઠીયાવાડી બોલી મુખ્યત્વે ગુજરાતના સૌરાષ્ટ્ર વિસ્તારમાં બોલાય છે ,જેમાં રાજકોટ, જામનગર, ભાવનગર, સુરેન્દ્રનગર, પોરબંદર, અમરેલી, જુનાગઢ ,બોટાદ ,મોરબી અને ગીર સોમનાથ જિલ્લાઓનો સમાવેશ થાય છે, આ બોલી આખા કાઠીયાવાડમાં
સૌરાષ્ટ્ર, ગોહિલવાડ,હાલાર પાંચાળ અને ઝાલાવાડમાં પ્રચલિત છે.

ગુજરાતી કાઠીયાવાડી
* ત્યાં - ન્યા
* ખાઈ લે. - ગળચી લે.
* રડે છે. - રોવે છે.

(2)સુરતી બોલી:-
સુરતી બોલી અથવા હુરતી બોલી સુરત શહેર અને તેની આસપાસ આવેલા વિસ્તારમાં બોલાય છે .આ બોલીની ખાસિયત એ છે કે, તેમાં 'ત' નો ઉચ્ચાર 'ટ' અને 'ટ' નો ઉચ્ચાર 'ત' તરીકે થાય છે. આ ઉપરાંત 'અ' ને બદલે 'હ'નો ઉપયોગ કરવામાં આવે છે.

ગુજરાતી સુરત
* ગયો હતો - ઉઇલો ઉપર
* કીધું હતું ને - કિઢેલુ ને
* નળ બંધ કરો- નલ બંધ કરો

(3) ચરોતરી બોલી:-
ચરોતર વિસ્તાર એટલે કે સાબરમતી નદીથી મહીસાગર નદીની વચ્ચેનો પ્રદેશ અને તેની આસપાસના વિસ્તારોમાં બોલાય છે.

ગુજરાતી ચરોતરી
* સાણસી - હોણશી
* ભાઈ - ભૈય
* પાણી - પોણી
* માણસ - મોણહ
* નિશાળ - નેહાર

(4) મહેસાણી બોલી :-
મહેસાણી બોલી એ ઉત્તર ગુજરાતમાં બોલાતી એક પ્રચલિત પ્રાદેશિક બોલી છે, જે તેની વિશિષ્ટ લેખો અને શબ્દો માટે જાણીતી છે. આ બોલી મા 'સ'નો 'હ' અને અન્ય સ્વર વ્યંજનમાં ફેરફાર જોવા મળે છે, જે તેને અન્ય બોલીથી અલગ પાડે છે.

ગુજરાતી મહેસાણી
* ચાલ - હેડ
* કેમ - છમ
* ક્યા - ચોક્કસ
* કાટનું ઝાડું - ઝયડુ
* ક્યાં જવું છે - ચો જવુંશ

કચ્છી ભાષા:-
આપણે ગુજરાતની બોલીઓ વિશે તો જાણીએ છીએ એમાં એક નામ એવું છે જેને મોટાભાગે બોલી સમજવામાં આવે છે .જે છે કચ્છી બોલી, પરંતુ કચ્છી બોલી નહીં પણ એક માન્યતા પ્રાપ્ત ભાષા છે. માટે કચ્છી બોલી નહીં ભાષા તરીકે ઓળખવામાં આવે છે. કચ્છી ભાષાની મીઠાશ અને લહેકો બધાથી અલગ તરી આવે છે. કચ્છી ભાષાએ ગુજરાતના કચ્છ જિલ્લામાં મુખ્યત્વે બોલાતી એક પ્રાચીન અને સ્વતંત્ર ઈંડો-આર્યન ભાષા છે .જે સિંધી ,ગુજરાતી અને મારવાડી નું મિશ્રણ છે .10 લાખથી વધુ લોકો દ્વારા બોલાતી ભાષાની કોઈ સત્તાવાર લિપિ નથી, તેથી સામાન્ય રીતે ગુજરાતી લિપિમાં લખાય છે.

ગુજરાતી કચ્છી
* તમે કેમ છો? - તું કી આય?
* શું થયું? - કુરો થીયોહો?
* તે ક્યાં છે? - કીડા એય?

ગુજરાતી ભાષા ની બોલીઓ ની મીઠાશ અને લહેકો તેમજ તેના ઉચ્ચારણ અને શબ્દ ભંડોળ આપણને જે તે પ્રદેશની ભૌગોલિક અને સાંસ્કૃતિક વારસાનું પ્રતિબિંબ પૂરું પાડે છે....

કાજલબેન ડી. દેવાણી
શ્રી હનુમાનપુર પ્રાથમિક શાળા
તાલુકો - ખાંભા જીલ્લો - અમરેલી



# "રૂપાળું મારું ગામડું"

માધવપુર નામે નાનકડું ગામ. રળિયામણું ને સુંદર. માધવપુરમાં નળિયાંવાળા કાચા ઘરો. ઘરની આસપાસ લીમડો, આંબો, આંબલી જેવા ઘટાદાર વૃક્ષો શોભતા. વૃક્ષો હોય ત્યાં પંખીઓનો મીઠો કલરવ તો હોય જ.

"આંબા ડાળે કોયલ બોલે કૂ... કૂ...કૂ...,
લીમડે બેઠી ચકલી કરે ચી..ચી..ચી...,
ઓસરીમાં પારેવું કરતું ઘુ...ઘુ...ઘુ...,
આંબલીએ પોપટ બોલે મીઠું મીઠું...,

ચુન્નુને ચકલીનું ચી ચી ચી બહુ જ ગમે. ચાંચમાં તણખલું લઈ આવતી ચકલી ને જોઈ રાજી રાજી થાય. ચકલી તો ઘરની ઓસરીમાં આંટા મારતી જાય અને માળો બનાવતી જાય. ચુન્નુ ને ચકલી સાથે વાતો કરવી ગમે. ચુન્નુ ચકલી માટે પાણીનું કુંડું ભરે. ખાવા માટે દાણા પણ નાખે. બસ પછી ચકલીની રાહ જોયા કરે.

. ઘણી બધી ચકલીઓ આવે પાણીના કુંડામાં નહાય. દાણા ચણે અને બચ્ચા માટે પણ લઈ જાય. વસંતઋતુ આવતાં જ આંબાડાળે કોયલનો મીઠો ટહુકો સાંભળવા મળે. વળી આંબલીએ બેઠો પોપટભાઈ પણ રૂડો લાગે. ચુન્નુને આ બધું બહુ જ ગમતું.

એક દિવસની વાત છે. ચુન્નુના પપ્પાએ મમ્મી સાથે વાતો કરી. હવે અહીં ગામડે રહેવું નથી. શહેરમાં જઈશું અને ત્યાંની સારામાં સારી સ્કૂલમાં ચુન્નુને ભણાવીશું. થોડાં દિવસોમાં એ વાત હકીકતમાં ફેરવાઈ ગઈ.

ચુન્નુને આ શહેરના જંગલમાં ન તો ચકલીનું ચી ચી સાંભળવાં મળે કે ના તો કોયલનું મીઠું ગીત સંભળાય. ન તો લીમડાની મીઠી છાંયા મળે કે ના ખાટી મીઠી આંબલીએ આમલી પીપળી રમવા મળે.ચુન્નુ દિવસે દિવસે સુનમુન રહેવા લાગ્યો. પપ્પા તો ઓફિસે જાય પણ મમ્મી આખો દિવસ ઘરમાં રહી કંટાળી જતી. ચુન્નુ સ્વભાવે ચિડિયા થતો જાય કોઈની સાથે ન બોલે કે ના ચાલે.

. એક દિવસ ચુન્નુ જમીને ઉંઘી ગયો. સપનામાં એને રૂડું ગામડું દેખાયુ. એ જ મીઠો કોયલનો ટહુકો એ જ ચકલીનું ચી ચી.વળી એ જ લીમડાની મીઠી છાંયા. ચકલીબેન કહે ;"ચુન્નુભાઈ તમે કેમ દેખાતાં નથી? હું તમારી ઘણી રાહ જોઉં છું. બસ ચુન્નુની આંખો ખુલી ગઈ. સાથે બધું જ ખતમ. ચુન્નુ આંખો ચોળીને ઊભો થયો. આજે પપ્પાની ઓફિસની રજા હતી. ચુન્નું એ પપ્પાને સપનાંની વાત કહી. પછી ગીત ગાવા લાગ્યો.

"સપનામાં ચકીબેન પ્યારી હતી,
ચી ચી ચી ગીતો ગાતી,
ચુન્નુભાઈની રાહ જોતી,
પીવા માટે પાણી માંગતી,
ખાવા માટે દાણા માંગતી,"

ચુન્નુના પપ્પાને ચુન્નુની નારાજગીનું કારણ સમજાઈ ગયું. બીજે દિવસે કાયમ માટે સૌ ગામડે પાછાં ફર્યા. ચુન્નુની ખુશી નો પાર નહોતો.એ હરખથી ગાવા લાગ્યો.

"રૂડુ રૂપાળું મારું ગામડું,
સૌથી લાગે તો નોખું,
વ્હાલું મને મારું ગામડું,
રંગ ભર્યું છે મારું ગામડું ,
રૂડું રૂપાળું મારું ગામડું,"

કીર્તિ પટેલ 'ઓજસ'
નવસારી



# આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ

(૧) પ્રાસ્તાવિક :-

શિક્ષણ સંક્રમણમાં પ્રતિક્ષણ પરિવર્તન આવી રહ્યું છે. આ પરિવર્તન વિકાસને ફાયદાકારક સાબિત થયું છે. આદિકાળથી આજ પર્યંતની આ વિકાસયાત્રાને જાણવી જરૂરી છે. મૌખિક રજૂઆત અને યાદશક્તિથી પેઢી દર પેઢી જતું જ્ઞાન લિપિબદ્ધ થયું. પુસ્તકો- હસ્તલિખિત લેખોથી આગળ જતાં મુદ્રણકળા આવી. ચિત્રલિપિએ પણ પોતાનો ફાળો આપ્યો. કુદરતમાં સહજ પ્રાપ્ત શાશ્વત બાબતો જ્ઞાનના આધાર બન્યા. જેવાં કે – સૂર્ય, તારા, ચંદ્ર, નક્ષત્રો, વૃક્ષો, ઋતુમાં થતા પરિવર્તનો, કુદરતી કે આકસ્મિક પરિસ્થિતિ વગેરે શિક્ષણના માધ્યમો હતાં. પરંતુ આ બધાની એક મોટી મર્યાદા એ છે કે એ દ્રશ્યમાન થાય ત્યારે જ શીખવી શકાય.

જરૂરિયાત-આવશ્યકતા એ શોધ - આવિષ્કારની જનની બની. વિચારવંત પૂર્વજો એ ઓછા સમયમાં અનુકૂળ સમયે ઘણું બધું અને વૈજ્ઞાનિક પરીક્ષણથી આધારભૂત સત્ય નવી પેઢીને આપવા સમય પર જે કાંઈ ઉપલબ્ધ કર્યું છે એણે શિક્ષણ પ્રાપ્તિનો વ્યાપ વિસ્તાર્યો. શિલાલેખોથી તાડપત્રો-તામ્રપત્રો દ્વારા મુદ્રણકળા સુધીની યાત્રા એનો ઉત્તમ નમૂનો છે. અને હવે કમ્પ્યૂટર યુગમાં જ્ઞાનના મોટા ભંડારો ખિસ્સામાં સીડી કે પેન ડ્રાઈવ દ્વારા સમાઈ ગયા. તજજ્ઞ ગુરુ તમારો મિત્ર થઈ સાથે ફરવા લાગ્યો. વળી વ્યક્તિના મૃત્યુ સાથે અસ્ત પામતું જ્ઞાન એ સ્થિતિ આજે સાવ બદલાઈ ગઈ. વિડીયો કોન્ફરન્સ જેવા ગુરુ દ્રોણથી એકલાવ્યોની મોટી સમસ્યા હલ થઈ ગઈ. ફિલ્મોએ જે તે સમયની વિભૂતિની વાણી અને વાકછટા આપણા માટે ચિરસ્થાયી બનાવી આપી. આ કાળા માથાના માનવીએ પ્રાપ્ત કરેલી સિદ્ધિનો આપણે શિક્ષક તરીકે મહત્તમ ઉપયોગ કરી, નવી પેઢીને જ્ઞાન પિપાશુ બનાવી અંગૂઠાની ગુરુદક્ષિણા માંગનાર દ્રોણ ગુરુ કરતાં અંગૂલી નિર્દેશ દ્વારા જ્ઞાન પ્રાપ્તિની દિશા ચિંધનારા કૃષ્ણ બનીએ અને શિક્ષણના ક્ષેત્રમાં આવેલી ક્રાંતિના વાહક બની ઉજ્જવળ ભારતની પેઢીને રાહ બતાવીએ.

(૨) શૈક્ષણિક સાધનોની સંકલ્પના :

શિક્ષણને વધુ અધનતાથી શીખવવા માટે જે આધારો લેવાયા કે લેવાય છે એ આપણા માટે શૈક્ષણિક સાધનોથી નામાભિધાન પામ્યા છે. એની સ્પષ્ટતા માટે થોડી વિગતો ઊંડાણથી સમજી લઈએ.

૧. જે સાધનો દ્વારા શિક્ષણ, જ્ઞાન અને માહિતીની જાણકારી પ્રાપ્ત થાય.

૨. શૈક્ષણિક સાધન એ સાધ્ય કે સિદ્ધિ નથી પરંતુ શિક્ષણ પ્રાપ્ત કરવાનું માધ્યમ છે.

૩. શૈક્ષણિક સાધન એ માસ્ટર નથી માત્ર સાધન છે.

૪. શૈક્ષણિક સાધન એ મૂલ્યવાન હોય જ એવું નથી. મામૂલી કે કોઈની દ્રષ્ટિએ નકામું, બિનજરૂરી લાગતું સાધન બીજાના વિવેકપૂર્ણ ઉપયોગથી જ્ઞાનનું સબળ સાધન બની શકે છે.

૫. શૈક્ષણિક સાધન એ ખુદ જ્ઞાન, ભાવના કી કૌશલ્ય નથી. એ મિત્ર, માર્ગદર્શક અને તત્વજ્ઞાની છે.

૬. શૈક્ષણિક સાધન શિક્ષકનો સાચો સહાયક છે. શિક્ષકનું કૌશલ્ય અને પ્રતિભા વિકસે છે.

૭. શૈક્ષણિક સાધનોના ઉપયોગથી જ હેતુસિદ્ધ શક્ય બને પરંતુ એ ઉપયોગ સાચી દિશા નો હોવો જોઈએ. એ એની પૂર્વશરતનું પાલન થવું જરૂરી છે.

(૩) શૈક્ષણિક સાધનોનું મહત્વ :

૧. વિદ્યાર્થીઓની શિક્ષણ પ્રત્યે અભિરુચિમાં વધારો કરે છે.

૨. વર્ગખંડમાં જ શિક્ષણ કાર્ય થાય એ પરંપરિત માન્યતા તોડે છે.

૩. બધા વિદ્યાર્થીઓની સામેલગીરી શક્ય બને છે.

૪. કંટાળાજનક શિક્ષણની વિભાવના તૂટે છે.

૫. ભાષાના લઘુત્તમ ઉપયોગથી શિક્ષણ કાર્ય શક્ય બને છે.

૬. વિદ્યાર્થીની સ્વપ્રવૃત્તિને પ્રોત્સાહિત કરે છે.

૭. વિવિધ પ્રવૃત્તિઓ કે પદ્ધતિઓને અવકાશ રહે છે.

૮. વસ્તુ નું મૂર્ત સ્વરૂપ ખડું કરી શકાય છે.

(૪) શૈક્ષણિક સાધનો ના પ્રકાર :

શિક્ષણ આદાન-પ્રદાનમાં ઉપયોગી સાધનો ત્રણ પ્રકારના છે.

અ. દ્રશ્ય સાધનો

બ. શ્રાવ્ય સાધનો

ક. દ્રશ્યશ્રાવ્ય સાધનો

અ. દ્રશ્ય સાધનો : માત્ર જોઈ શકાય.

ચિત્રો, ચાર્ટ્સ, કાળુ પાટિયું, પ્લે બોર્ડ, છાપાના સમાચાર, સાપ્તાહિક પૂર્તિઓના લેખો, વાર્તા ચિત્રો, બુલેટિન બોર્ડ, પોસ્ટર્સ, સ્લાઇડ્સ, ઓવરહેડ પ્રોજેક્ટર, વિજ્ઞાન સંબંધી સાધનો, નકશા, મોડેલ, પૃથ્વીનો ગોળો, ગણિત સંબંધી સાધનો, કમ્પ્યૂટર, ઇન્ટરનેટ, શૈક્ષણિક રમતો, સ્થાનિક ઉપલબ્ધ સાધનો, પપેટ.

બ. શ્રાવ્ય સાધનો : માત્ર શ્રવણ કરી શકાય.

ટેપ રેકોર્ડર, ઓડિયો કેસેટ્સ, રેડિયો, સી. ડી. (ઓડિયો), ગ્રામ ફોન, મોબાઈલ ફોન, લીંગ્વા ફોન.

ક. દ્રશ્ય શ્રાવ્ય સાધનો : જોવાની સાથોસાથ શ્રાવ્ય પણ છે.

વિડિયો પ્લેયર, ફિલ્મ પ્રોજેક્ટર, ટેપ-સ્લાઇડ, પ્રોજેક્ટર, ફિલ્મ સ્ટ્રીપ, સી. ડી. પ્લેયર, ટી. વી., ડી.વી.ડી., વી.સી.ડી.,મોબાઇલ ફોન.

રોજિંદા, હાથવગાં, સ્થાનિક ઉપયોગમાં લઈ શકાય એવા સાધનો :

ચોક, પાટી પેન, પુસ્તક, કાંકરા, છાપું, આંગળીના વેઢા, આકાશ, રેતી, પત્તા, દિવાસળી, ઘડિયાળ, પોસ્ટકાર્ડ, કવર, મની ઓર્ડર ફોર્મ, બેંકની પાસબુક, ચેકબુક, વિમાની પોલીસી, ભીંતપત્રો.

(૫) શૈક્ષણિક સાધનોની ખાસિયતો :

૧. શિક્ષકો-વિદ્યાર્થીઓની જરૂરિયાતને સંતોષે એવાં.

૨. વાસ્તવિકતાવાળાં.

૩. સાંસ્કૃતિક પ્રણાલી સાથે સંબંધ ધરાવે એવાં.

૪. રીતરિવાજોમાં પરિવર્તન લાવે એવાં.

૫. ગ્રામ્ય વિસ્તાર સુધી પહોંચે એવાં સક્ષમ.

૬. શિક્ષકોનાં વલણો અને દૃષ્ટિબિંદુમાં અપેક્ષિત પરિવર્તન લાવે એવાં.

૭. સ્વતંત્ર રીતે ઉપયોગમાં લઈ શકાય એવાં.

૮. સસ્તાં, સુલભ છતાં સ્પષ્ટ સમજાય એવાં.

૯. ટકાઉ, મધ્યમ કદના.

૧૦. હેરફેર કરવામાં સરળ.

૧૧. અભ્યાસક્રમ આધારિત.

૧૨. પૂર્વજ્ઞાનને ચકાસવામાં પોષક.

આમ, શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરવાથી શિક્ષણની ગુણવત્તા સુધરે છે અને બાળકોને ભણતરનો ભાર લાગતો નથી.

મહેન્દ્રકુમાર રામજીભાઇ ચૌધરી
કે. પી. પટેલ સેકન્ડરી અને
એસ.યુ. પટેલ ઉ. મા. શાળા
વિજાપુર, જિ. મહેસાણા
મો.૯૯૦૧૨૮૩૮૪૬



## ઉખાણાં

1.જંગલમાં હું રાજા કહેવાઉં,
ઘોઘરા અવાજે સૌને ડરાવું.
કહો તો હું કોણ છું ?

સિંહ

2.ધારીયો વેશ ને ફુર્તીલી ચાલ,
જંગલમાં મારો ભયનો જાળ.
કહો તો હું કોણ છું ?

વાઘ

3.લાંબી સૂંઢ ને મોટા કાન,
ચાલું શાનથી આખા વન.
કહો તો હું કોણ છું ?

હાથી

4.ઝાડ પર ચડું ને કૂદકાં મારું,
નકલ કરીને સૌને હસાવું.
કહો તો હું કોણ છું ?

વાંદરો

5.ધીમે ચાલું, ઘર સાથે રાખું,
લાંબી ઉંમરમાં નામ કમાવું.
કહો તો હું કોણ છું ?

કાચબો

6.પવન જેવી મારી ઝડપ,
શિકાર કરું હું ફટાફટ.
કહો તો હું કોણ છું?

ચિત્તો

7.રાતે જાગું, આંખો ઝળહળ,
જંગલમાં મારો શાંત દબદબો.
કહો તો હું કોણ છું?

ઘુવડ

8.કાંટાળા દેહથી હું બચાવું,
શત્રુ આવે તો ગોળ બની જાઉં.
કહો તો હું કોણ છું?

શાહુડી (Porcupine)

9.મજબૂત દેહ ને ભૂરું રંગ,
મધ ખાવું મારો સંદર્ભ.
કહો તો હું કોણ છું?

રીંછ

10.ઝાડમાં રહું ને શિકાર કરું,
ચુપચાપ ચાલું, નજર ન છૂટે.
કહો તો હું કોણ છું?

વનબિલાડી

વાઢેળ પ્રકાશકુમાર હમીરભાઈ
(પવન )
શ્રી નગડલા પ્રાથમિક શાળા
તા.કોડીનાર, જિ. ગીર સોમનાથ



# NEP 2020 અને A.I. ટેક્નોલોજી : સ્વાભાવિક સંકલન

ભારતની નવી શિક્ષણ નીતિ – NEP 2020 માત્ર અભ્યાસક્રમમાં ફેરફાર નથી,પરંતુ વિચારધારા અને અભિગમમાં પરિવર્તન છે.

આ નીતિ વિદ્યાર્થીકેન્દ્રિત, કુશળતા આધારિત અને ટેક્નોલોજી સમર્થ શિક્ષણ પર ભાર મૂકે છે. આ દિશામાં Artificial Intelligence (A.I.) સાથે તેનો સંકલન સ્વાભાવિક અને આવશ્યક છે.

1] વિદ્યાર્થીકેન્દ્રિત શિક્ષણ અને A.I.

NEP 2020 વ્યક્તિગત શીખણ (Personalized Learning) પર ભાર મૂકે છે.

A.I. ટેક્નોલોજી દ્વારા,વિદ્યાર્થીની ગતિ,શક્તિ અને નબળાઈ,રસ અને અભ્યાસ શૈલી,વિશ્લેષણ કરીને વ્યક્તિગત અભ્યાસ માર્ગ તૈયાર કરી શકાય છે.આ રીતે NEPનો મૂળ આત્મા સાકાર થાય છે.

2] મૂલ્યાંકન પદ્ધતિમાં પરિવર્તન

NEP 2020 રટણ આધારિત પરીક્ષા પ્રણાલીથી દૂર જવા કહે છે.

A.I. આધારિત મૂલ્યાંકન

સતત અને વ્યાપક મૂલ્યાંકન

કુશળતા અને વિચાર શક્તિનું મૂલ્યાંકન

તરત પ્રતિસાદ

સુવિધાજનક અને નિષ્પક્ષ બનાવે છે.

3] બહુવિષયક અભિગમ અને A.I.

NEP 2020માં Science, Arts, Sports, Vocational Education—બધાનું સંકલન સૂચવાયું છે.

A.I. આધારિત પ્લેટફોર્મ વિદ્યાર્થીને વિવિધ વિષયો વચ્ચે સંબંધ સ્થાપિત કરવાનું શીખવે છે,જે 21મી સદીની મુખ્ય આવશ્યકતા છે.

4] શિક્ષક સશક્તિકરણ

NEP 2020 શિક્ષકને બદલવાનું નહીં, સશક્ત બનાવવાનું કહે છે.

A.I. શિક્ષકને ડેટા આધારિત માર્ગદર્શન,વિદ્યાર્થી પ્રગતિ વિશ્લેષણ, શિક્ષણ આયોજનમાં સહાયપૂરી પાડે છે, જેથી શિક્ષક વધુ અસરકારક બને.

5] સમાવેશી અને સમાન શિક્ષણ

NEP 2020 “Education for All”ની વાત કરે છે.A.I. ટેક્નોલોજી દ્વારા ભાષાંતર,અવાજ આધારિત અભ્યાસ, વિશેષ જરૂરિયાત ધરાવતા વિદ્યાર્થીઓ માટે સહાય,સમાવેશી શિક્ષણને વેગ મળે છે.

સાવચેતી અને સંતુલન

NEP 2020 સ્પષ્ટ કરે છે કે ટેક્નોલોજી સાધન છે, ઉદ્દેશ નહીં.

A.I. નો ઉપયોગ,માનવીય મૂલ્યો,નૈતિકતા,શિક્ષકના માર્ગદર્શન હેઠળ થવો અનિવાર્ય છે.

નિષ્કર્ષ

NEP 2020 ભવિષ્યનું સ્વપ્ન છે,A.I. તે સ્વપ્નને સાકાર કરવાનું સાધન છે.બન્નેનું સંતુલિત અને સમજદારીપૂર્ણ સંકલનભારતને વૈશ્વિક જ્ઞાનશક્તિ બનાવશે.

સંકલન
કૌશિકભાઈ પી પ્રજાપતિ,
AEI & TPEO ચાર્જ
તા.: લખતર, જિ. : સુરેન્દ્રનગર



# સંબંધોનું સત્ય

જેસલનગર નામનું એક સુંદર અને રળિયામણું ગામ હતું. કુદરતી સૌંદર્યથી છલકાતા આ ગામમાં સુરેશ નામનો એક યુવાન રહેતો હતો. સુરેશ આર્થિક રીતે અત્યંત ગરીબ હતો, પરંતુ તેનું હૃદય દયા અને સંસ્કારોથી ભરેલું હતું. બીજી તરફ, ગામના ધનવાન લોકો અભિમાની હતા. તેઓ સુરેશને તેના નામથી નહીં, પણ 'એ ગરીબ... એ ગરીબ' કહીને ચીડવતા અને ડગલે ને પગલે તેનું અપમાન કરતા.

ગામના લોકો સુરેશને એટલી હદે ધિક્કારતા કે તેને જોઈને રસ્તો બદલી નાખતા. એકવાર જ્યારે સુરેશે ભેદભાવ ન રાખવા વિનંતી કરી, ત્યારે લોકોએ તેની મજાક ઉડાવતા કહ્યું, "જો તારે આ ગામમાં રહેવું હોય તો પેલા કૂવામાં જઈને ડૂબકી માર, તારું ગરીબાઈનું પાપ ધોવાઈ જશે!" સુરેશ શાંતિથી બોલ્યો, "ભાઈઓ, ગરીબી એ પાપ નથી, લાચારી છે. હું ભલે ગરીબ રહ્યો, પણ એક દિવસ મારી બહાદુરી અને સેવાભાવથી તમારા હૃદય જીતી લઈશ. હું આ ગામના સંબંધોને તોડવા નહીં, પણ સાચવવા માંગુ છું."

એક દિવસ ગામનો સૌથી ધનવાન વ્યક્તિ, જે સુરેશને સૌથી વધુ ધિક્કારતો હતો, તે જંગલમાંથી પસાર થઈ રહ્યો હતો. તે ધનવાને ભૂતકાળમાં અનેક લોકોના હક છીનવ્યા હતા. તેના એક દુશ્મને તક જોઈને વેર વાળવા માટે તે ધનવાનને રસ્તામાં આવતા એક ઊંડા કૂવામાં ધક્કો મારી દીધો. ધનવાન વ્યક્તિ કૂવામાંથી બચાવો-બચાવોની બૂમો પાડવા લાગ્યો. સંજોગવશાત સુરેશ ત્યાંથી પસાર થતો હતો. તેણે દુશ્મનને ભાગતા જોયો અને કૂવામાં ડોકિયું કર્યું.

જે વ્યક્તિ તેને આખો દિવસ કૂવામાં મરવાનું કહેતી હતી, આજે તે જ મરણતોલ હાલતમાં કૂવાની અંદર હતી. સુરેશે ક્ષણનો પણ વિલંબ કર્યા વગર પોતાની પાસે રહેલું લાંબુ દોરડું કૂવામાં નાખ્યું અને ભારે જહેમત બાદ ધનવાનને બહાર કાઢ્યો. ધનવાન બહાર આવ્યો, પણ તેના મનમાં હજુ અહંકાર હતો. તેણે સુરેશનો આભાર માનવાને બદલે તેને ધિક્કારીને ત્યાંથી કાઢી મૂક્યો.

થોડા દિવસો પછી, એક એવી ઘટના બની કે જેમાં તે જ ધનવાને ફરી એકવાર સુરેશને મુસીબતમાં મૂકવાનો પ્રયાસ કર્યો, પરંતુ એક અજાણ્યા મુસાફરે સુરેશની સત્યનિષ્ઠા જોઈને ગામલોકોને અરીસો બતાવ્યો. તેણે કહ્યું, "ધનવાન તો તે છે જે બીજાના જીવ બચાવે, તમે તો સંપત્તિ હોવા છતાં મનથી કંગાળ છો."

આ સાંભળી ધનવાન વ્યક્તિની આંખો ખુલી ગઈ. તેને યાદ આવ્યું કે જે સુરેશને તે મારવા માંગતો હતો, તે જ સુરેશે તેને જીવતદાન આપ્યું હતું. તેનો અહંકાર ઓગળી ગયો. તે સુરેશના પગમાં પડી ગયો અને રડતા રડતા માફી માંગી. આખું જેસલનગર ત્યાં ઉમટી પડ્યું. ગામના લોકો સમજી ગયા કે માણસ કપડાથી નહીં પણ કર્મોથી મોટો હોય છે.

તે દિવસ પછી જેસલનગરમાં ગરીબ-અમીરના ભેદભાવ ભૂંસાઈ ગયા. લોકો સુરેશને માનથી 'સુરેશભાઈ' કહીને બોલાવવા લાગ્યા. સુરેશે સાબિત કરી દીધું કે બહાદુરી માત્ર શસ્ત્રોમાં નથી, પણ ક્ષમા અને સંબંધો નિભાવવામાં છે. જેસલનગર હવે માત્ર સુંદર ગામ જ નહીં, પણ સંસ્કારી ગામ બની ગયું.

આમ, વેરથી વેર શમતું નથી, પણ પ્રેમ અને ભલાઈથી કઠોર હૃદય પણ ઓગળી જાય છે. સંબંધોમાં સત્ય અને સેવા રાખનાર વ્યક્તિ અંતે વિજયી બને છે. માણસની ઓળખ તેની સંપત્તિથી નહીં, પણ તેના સ્વભાવ અને સંસ્કારોથી થાય છે.

રીંકાબેન અશોકભાઈ પ્રજાપતિ
શ્રી રૂણી પ્રાથમિક શાળા,
તા. : ધાનેરા, જિ. : બનાસકાંઠા



# કુસંગતનો કરુણ અંજામ

એક સુંદર ગામ હતું, જ્યાં લોકો હળીમળીને રહેતા હતા. આ ગામમાં 'શંભુ' નામનો એક માણસ રહેતો જે વ્યસનના રવાડે ચઢી ગયો હતો. આખો દિવસ દારૂના નશામાં ચૂર રહેતા શંભુને કારણે તેના ઘરમાં ગરીબીએ અડ્ડો જમાવ્યો હતો. ગામના લોકો જાણતા હતા કે કોલસાની ખાણમાં જઈએ તો હાથ કાળા જ થાય, એટલે કોઈ તેની સંગત કરતું નહીં. શંભુ ઘણીવાર રસ્તા પર ભાન વગર પડ્યો રહેતો, પણ કોઈ તેની વ્હારે આવતું નહીં.

એક દિવસ શહેરમાંથી 'વિજય' નામનો એક ભણેલો-ગણેલો અને કમાતો યુવાન આ ગામમાં રહેવા આવ્યો. વિજય સ્વભાવે ખૂબ જ ભોળો હતો. તેને ખબર નહોતી કે શંભુ કેવો માણસ છે. શંભુએ મીઠી-મીઠી વાતો કરીને વિજયને પોતાનો મિત્ર બનાવી લીધો. ગામના લોકોએ વિજયને ચેતવ્યો પણ ખરો: "બેટા વિજય, આ કાદવમાં પગ ન નાખતો," પણ વિજયને લાગ્યું કે તે શંભુને સુધારી દેશે.

પરંતુ બન્યું તેનાથી ઉલટું. એક સાંજે શંભુએ જબરદસ્તીથી વિજયને 'એક જ ઘૂંટડો' પીવા આગ્રહ કર્યો. વિજયે ના પાડી, પણ શંભુએ તેને મજબૂર કર્યો. ધીરે ધીરે આ એક ઘૂંટડો વ્યસનમાં બદલાઈ ગયો. માત્ર પાંચ દિવસમાં વિજયને એવી લત લાગી કે તે પોતાનો ધંધો-રોજગાર ભૂલી ગયો. જે વિજય ક્યારેક ગામનો સૌથી હોશિયાર યુવાન ગણાતો હતો, તે હવે શંભુ સાથે ગલીઓમાં લથડિયાં ખાતો દેખાવા લાગ્યો.

વિજયની બધી બચત દારૂમાં વહી ગઈ. તેની તબિયત બગડવા લાગી. એક રાત્રે વિજયને દારૂ ન મળ્યો અને તેનું શરીર ધ્રૂજવા લાગ્યું. તે રડતો રહ્યો, કરગરતો રહ્યો, પણ તેની મદદ કરનાર કોઈ નહોતું. અંતે, દારૂની ભયાનક લત અને શારીરિક નબળાઈને કારણે વિજયનું અકાળે મૃત્યુ થયું.

શંભુને આ વાતની ખબર પડી, પણ તેના મનમાં સહેજ પણ દુઃખ નહોતું. તેના માટે તો વિજય માત્ર દારૂ પીવા માટેનો એક સાથી હતો. ગામના લોકોએ શંભુને છેલ્લી વાર સમજાવ્યો: "જો શંભુ, તારી સંગતે એક નિર્દોષ જીવ લીધો, હવે તો સુધરી જા!" પણ શંભુ ન માન્યો. થોડા જ સમયમાં દારૂના કારણે શંભુનું લિવર પણ ફેઈલ થઈ ગયું અને તે પણ અત્યંત પીડામાં મૃત્યુ પામ્યો. એક હસતા-રમતા યુવાનની જિંદગી માત્ર એક ખોટી સંગતને કારણે રાખ થઈ ગઈ.

આમ, જીવનમાં મિત્રોની પસંદગી ખૂબ વિચારીને કરવી જોઈએ. હીરાની પરખ ઝવેરી કરી શકે તેમ માણસની પરખ તેની સંગત પરથી થાય છે. ખરાબ વ્યક્તિનો સાથ સુંદર જિંદગીને પણ નરક બનાવી શકે છે. હંમેશા સન્માર્ગે ચાલનારા લોકોનો જ સંગ કરવો.

કિરણભાઈ હરજીભાઈ ડાભી
શ્રી રૂણી પ્રાથમિક શાળા,
તા. : ધાનેરા, જિ. : બનાસકાંઠા

